# The Department of Children's Literature, Films, Museum, and Physical Education

# (CLFMPE)

## Children's Research University

## 2024- 2025

## Yearly Activity List

## તા. ૩૧/૦૭/૨૦૨૪

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના 15મા સ્થાપના દિનની ઉલ્લાસભેર ઉજવણી

તા. 31 જુલાઈ 2024ના રોજ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 15મા સ્થાપના દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. મા.કુલપતિશ્રી પ્રો. સંજયકુમાર ગુપ્તાની આગેવાનીમાં આયોજિત આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે રાજ્યકક્ષાના મા.શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ યજ્ઞ શ્રી નરેન્દ્ર મોદી યજ્ઞ વ્યાખ્યાનમાળા હેઠળ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી. પી.એન.ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.

15મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા રિસર્ચ પોલિસી, ગિજુભાઈ બધેકા વાર્ષિક અહેવાલ, સાત યુનિવર્સિટી પ્રકાશિત પુસ્તકો અને અધ્યાપકોના પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા ગર્ભસંસ્કાર ક્ષેત્રે ઉજ્જૈનની પ્રતિષ્ઠિત મહર્ષિ પાણિની સંસ્કૃત એવમ્ વૈદિક વિશ્વવિદ્યાલય સાથે, રમકડાંનિર્માણ ક્ષેત્રે ડાયસક્યુબ અને શિક્ષણ ક્ષેત્રે કડી સર્વ વિદ્યાલય સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી., જીસેટમાં ઉત્તીર્ણ થનાર તેમજ શોધ ફેલોશિપ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ યુનિવર્સિટીના અધ્યાપકોની વિશેષ સિદ્ધિનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને જીસી કાઉન્સિલના નિવૃત થનાર સભ્યોશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા નિર્મિત 12 ઈન પારંપરિક રમત અને આર્ટિસ્ટો ગેમ્સનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. જ્યારે 44 અધ્યાપકોને રિસર્ચ પ્રોજેક્ટસની ફાળવણી કરવામાં આવી હતી.

શ્રી નરેન્દ્ર મોદી ઈન્સ્પીરિશનલ સીરિઝ હેઠળ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી. પી.એમ. ગજ્જરે વિકસિત ભારત @ 2047ના સંકલ્પને સાકાર કરવા આજે જ બાળકના મનમાં વિકસિત ભારતના બીજ રોપી દેવા અને 2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવાના વિવિધ મુદ્દાઓ પર આજથી બાળક ઉપર કામ શરૂ કરી દેવા પર જોર આપ્યું હતું.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજયકુમાર ગુપ્તાએ ઉપસ્થિતિ મહેમાનો અને શિક્ષણવિદોને યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો  વિસ્તૃત પરીચય આપી જણાવ્યું કે, અત્યાર સુધી 40 હજારથી વધારે સગર્ભા બહેનોએ તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રનો લાભ ઉઠાવ્યો છે. યુનિવર્સિટી દ્વારા બાળકેન્દ્રી રિસર્ચ પ્રોજેક્ટ્સ ન માત્ર ગુજરાત પણ સમગ્ર રાષ્ટ્રમાં ફાળવણી કરવામાં આવ્યા છે, તેમ પણ તેઓએ જણાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીની 80 ટકા ફેકલ્ટી અત્યારે રિસર્ચના કાર્યમાં જોડાયેલી છે, અને સાથે જ આગામી એક વર્ષમાં યુનિવર્સિટી 45થી પણ વધારે ઓનલાઈન કોર્સ શરૂ કરવા જઈ રહી છે.

મા. રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તરીકેનો પ્રસ્તાવ મેં જ વિધાનસભામાં મુક્યો હતો. આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ભારતમાં પ્રથમવાર ગુજરાતમાં મુકવામાં આવ્યો, જે રાષ્ટ્રના નિર્માણ અગત્યનો ભાગ ભજવી રહી છે. વૈવિધતા સાથે ભારતીય મૂળ સંસ્કૃતિ સાથે બાળકનો ઉછેર થાય એ જરૂરી છે. છ વર્ષના બાળકમાં બીજ રોપાઈ ગયું હોય છે, ત્યારબાદ તો તેનો રંગ રોગાન જ કરવામાં આવે છે. પ્રકૃતિ સાથે બાળકનો તાલમેલ હોવો જોઈએ. બાળકને માટી કે રેતીના ઢગલામાં રમવામાં જેવી મજા મળે છે, તે તેને કિંમતી રમકડાંમાં પણ મળતી નથી. બાળકનું પ્રકૃતિ સાથેનું જોડાણ નાનપણથી ખૂબ જરૂરી છે. બાળકને રમવા દો, કૂદવા દો, જે ગમે છે તે પ્રવૃતિ કરવા દો. બાળકની સાયકોલોજી ઉપર રિસર્ચ કરી ગુજરાત જ નહીં, પણ સમગ્ર ભારત અને વિશ્વને આ રિસર્ચનો લાભ આપીશું.

બાળલક્ષી રિસર્ચ પર ભાર મુકતાં તેઓએ જણાવ્યું હતું કે, બાળકને કેમ આવા જ પ્રકારના રમકડાં ગમે છે, અને આવા પ્રકારના રમકડાં નથી ગમતા, તેના પર રિસર્ચ થવું જોઈએ. સાયકોલોજી બોન્ડિંગ ઉછેર માટે મહત્વનું છે. બાળક આક્રમક કે કોઈને મારે તો તેના ઘર કે આસપાસના વાતાવરણ પર રિસર્ચ કરી તેનો ઉકેલ મળી શકે છે. અગાઉના સમયમાં બાળકનું પ્રકૃતિ સાથે અનેરું જોડાણ છે. પહેલાંના જમાનામાં તપોવન કે ગુરુકુળ શિક્ષણમાં બાળકને જંગલમાં લઈ જઈ પ્રેક્ટિકલ જ્ઞાન અપાતું હતું.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની કામગીરીને બિરદાવતાં માનનીયશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું કે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગુજરાતનું ગૌરવ છે. આદરણીય નરેન્દ્ર મોદીએ આ યુનિવર્સિટીના વિચારબીજ દિર્ઘદ્રષ્ટિથી વાવ્યા હતા. બાળઉછેરનું મૂળ તત્વ ન ભૂલાય જાય તેનું કાર્ય આ યુનિવર્સિટી કરી રહી છે. અત્યારનો બાળક સ્માર્ટ છે, ડબલા નથી. એસી બસ, એસી સ્કૂલથી તમે બાળકનું અહિત કરી રહ્યા છો. ગાંધીજી નાના હતા ત્યારે રાજા હરિશચંદ્રનું નાટક તેમના મસ્તિકમાં સત્ય બેસી ગયું, અને મોટા થયા ત્યાં સુધી સત્યનું આવરણ તેમના પર જામી ગયું. આમ એક બીજ, એક વાત બાળકના મસ્તિકમાં આવી જાય તો તે બાળકને મહાનતા તરફ લઈ જાય છે.




દિવસ
15th FOUNDATION DAY
31-07-2024




Children's
RESEARCH UNIVERSITY
૧૫મો
સ્થાપના દિવસ
Shree Narendra Modi
Inspirational Lecture Series
यज्ञ


Children's
RESEARCH UNIVERSITY
૧૫મો
સ્થાપના દિવસ
Gijubhai Badheka Award
તા. ૩૧/૭/૨૦૨૪, બુધવાર
સ્થળ: દ્વારકા સભાખંડ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીન

## તા. ૧૩/૦૮/૨૦૨૪

## થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું આયોજન

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, NSS યુનિટ અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજ રોજ થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજયકુમાર ગુપ્તા, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષશ્રી સહિત અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં વિદ્યાર્થીઓનું થેલેસેમિયા ચેકઅપ કરી તેઓને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.










## તા. ૧૫/૦૮/૨૦૨૪

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 78મા સ્વતંત્રતા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી












ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 78મા સ્વતંત્રતા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટી પરિસરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી સૌ કોઈ દેશભક્તિના રંગે રંગાયા હતા. જાણીતા બાળસાહિત્યકાર યશવંત મહેતા આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, અને બાળવિકાસ ક્ષેત્રે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી વૈશ્વિક વિદ્યાધામ બને તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ સાથે મા. કુલપતિશ્રીએ યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની મહત્વપુર્ણ ભૂમિકા પર ભાર મુક્યો હતો.

આજની ઉજવણીમાં યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. રાજેશ ચૌહાણ લિખિત પુસ્તક 'ઈતિહાસની ભારતીય દ્રષ્ટિ;નું વિમોચન કરવામાં આવ્યું હતું. તદુપરાંત નેશનલ સેમિનાર, પ્રોજેક્ટ કથા, પૅરેન્ટિંગ ટોક મેમ્બરશિપના બ્રોશરનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન તરફથી કલામૃતમ માટે આપવામાં આવેલ પ્રશંસા પ્રમાણપત્રને મા. કુલપતિશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું.

આજના આ પર્વમાં યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફગણને બિરદાવાનો પણ અનેરો પ્રયાસ હાથ ધરાયો હતો.

જેમાં વિકસિત ભારત વ્યાખ્યાન શ્રેણી, કલામૃતમ, ઈ–કન્ટેન્ટ, NCFFS અને NCFSE અનુવાદકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ યુનિવર્સિટીના અધ્યાપકોને સંશોધન પત્ર પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

વિદ્યાવાટિકાના બાળકો દ્વારા દેશભક્તિ ગીત ઉપર સુંદર ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો. જે બાદ માસ્ટર ઓફ સોશિયલ વર્ક અને માસ્ટર ઓફ ફૂડ એન્ડ સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, સ્ત્રી સશક્તિકરણ ડ્રામાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જે બાદ સંગીત વૃંદ દ્વારા દેશભક્તિ ગીતની પ્રસ્તુતિ જેવા સાંસ્કૃતિ કાર્યક્રમ થકી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## 20/8/24 વ્યાખ્યાન

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે 'NEP 2020 અને ભારતીય જ્ઞાન પરંપરા' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન

અખિલ ભારતીય ઈતિહાસ સંકલન યોજના, દિલ્હીના સંગઠન સચિવશ્રી ડૉ. બાલમુકુંદ પાંડેએ ભારતીય જ્ઞાન પરંપરા વિશે પ્રેરણાત્મક વ્યાખ્યાન પૂરું પાડ્યું. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે વ્યાખ્યાનનું આયોજન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના બાળસાહિત્ય, ફિલ્મ, મ્યુઝીયમ અને ફિજીકલ એજ્યુકેશન વિભાગ તેમજ અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, ગુજરાત પ્રાંતના સાયુજ્યે એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ વિશેષ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ડો. બાલમુંકુન્દ પાંડે, સંગઠન સચિવશ્રી, અખિલ ભારતીય ઈતિહાસ સંકલન યોજના, દિલ્હી ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. બાલમુકુંદ પાંડેજીએ પોતાના વ્યાખ્યાનમાં 'NEP 2020 અને ભારતીય જ્ઞાન પરંપરા' વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે આપણી પ્રાચીન શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ, માતા–પિતાનું કેવું સ્થાન હતું, આપણાં વેદો માર્ગદર્શનની કેવી ભૂમિકા માટે હતા, આપણી પ્રાચીન વ્યવસ્થાનું જ્ઞાન કેવું વિશાળ હતું, તે વાત પર ભાર મૂકી તેમણે NEP 2020ના કાર્યાન્વયન વિષે પણ અસરકારક વાત કરી હતી. તદ્દુપરાંત વર્તમાન સમયમાં બાળકના ઉછેર માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની કેવી ભૂમિકા હોવી જોઈએ તે વાતને પણ સરસ રીતે તેમણી વણી હતી.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ NEP 2020નું મહત્વ અને તેના ક્રિયાનવન્યની પ્રક્રિયા પર ભાર મુક્તા કહ્યું હતું કે, આપણે સૌએ સાથે મળીને આ શિક્ષા નીતિને શિક્ષણ જગતમાં ઝડપથી અમલી કરવાની છે. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. રાજેશ ચૌહાણ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સંજય પટેલે અસરકારક રીતે કર્યું હતું.









# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સંસ્કૃત દિવસના ઉપલક્ષ્યમાં "વર્તમાન સમયમાં બાળવિકાસના સંદર્ભમાં સંસ્કૃતની મહત્તા" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું.

**દિનાંક : ૨૨/૦૮/૨૦૨૪**

**સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના બાળસાહિત્ય, ચલચિત્ર, સંગ્રહાલય અને શારીરિક શિક્ષણ વિભાગ તેમજ સંસ્કૃતભારતી, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે "વર્તમાન સમયમાં બાળવિકાસના સંદર્ભમાં સંસ્કૃતની મહત્તા" વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ વિશેષ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી, પ્રાંત અધ્યક્ષ, સંસ્કૃતભારતી તેમજ ડૉ. જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, પ્રાંતમંત્રી સંસ્કૃતભારતી ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કૃષ્ણપ્રસાદ નિરૌલાજીએ સંસ્કૃત ભાષામાં શાસ્ત્રો અને સોળ સંસ્કારની સનાતન પરંપરા દ્વારા જ ભવિષ્યના માતા–પિતા ઉત્તમ સંતાનને જન્મ આપી શકશે તે વાત પર ભાર મૂક્યો હતો. ઉપરાંત બાળકના સર્વાંગી વિકાસ માટે સંસ્કૃત ભાષાનું અધ્યયન અતિ આવશ્યક છે તેમ જણાવ્યું હતું.

ડૉ. જીતેન્દ્ર બ્રહ્મભટ્ટે પોતાના વક્તવ્યમાં સંસ્કૃત ભારતીનો વિસ્તૃત પરિચય આપ્યો હતો અને સાથે સાથે જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનું તો એ પરમ કર્તવ્ય છે કે, આપણા પ્રાચીન શાસ્ત્રો અને ગ્રંથોને પ્રચારિત અને પ્રસારિત કરીને તેનું અધ્યયન–અધ્યાપન કરાવીને આજના યુવાઓ કે જે આવતીકાલના માતા–પિતા છે તેમને નૈતિકતાના પાઠ શીખવે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જય ઓઝાએ કર્યું હતું. તેમજ કાર્યક્રમની આભારવિધિ ડૉ.ભૈરવી દીક્ષિતે સંભાળી હતી.






### ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સંસ્કૃત દિવસના ઉપલક્ષ્યમાં

# "વર્તમાન સમયમાં બાળવિકાસના સંદર્ભમાં સંસ્કૃતની મહત્તા" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના બાળસાહિત્ય, ચલચિત્ર, સંગ્રહાલય અને



શારીરિક શિક્ષણ વિભાગ તેમજ સંસ્કૃતભારતી, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે "વર્તમાન સમયમાં બાળવિકાસના સંદર્ભમાં સંસ્કૃતની મહત્તા" વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ વિશેષ વ્યાખ્યાનમાં મુખ્ય વકતા તરીકે ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી, પ્રાંત અધ્યક્ષશ્રી, સંસ્કૃતભારતી તેમજ ડૉ. જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, પ્રાંતમંત્રીશ્રી સંસ્કૃતભારતી ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કૃષ્ણપ્રસાદ નિરૌલાજીએ સંસ્કૃત ભાષામાં શાસ્ત્રો અને સોળ સંસ્કારની સનાતન પરંપરા દ્વારા જ ભવિષ્યના માતા-પિતા ઉત્તમ સંતાનને જન્મ આપી શકશે તે વાત પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત બાળકના સર્વાંગી વિકાસ માટે સંસ્કૃત ભાષાનું અધ્યયન અતિ આવશ્યક છે તેમ તેઓએ જણાવ્યું હતું. ડૉ. જીતેન્દ્ર બ્રહ્મભટ્ટે પોતાના વકતવ્યમાં સંસ્કૃત ભારતીનો વિસ્તૃત પરિચય આપ્યો હતો અને જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનું તો એ પરમ કર્તવ્ય છે કે આપણા પ્રાચીન શાસ્ત્રો અને ગ્રંથોને પ્રચારિત અને પ્રસારિત કરીને તેનું અધ્યયન-અધ્યાપન કરાવીને આજના યુવાઓ કે જે આવતીકાલના માતા-પિતા છે તેમને નૈતિકતાના પાઠ શીખવે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જય ઓઝાએ કર્યું હતું. તેમજ કાર્યક્રમની આભારવિધિ ડૉ. ભૈરવી દીક્ષિતે દ્વારા કરવામાં આવી હતી.



## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે માનનીય શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં 'કૃતાર્થ 2024' કાર્યક્રમ યોજાયો

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિચટી ખાતે આજે યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે 'સંકલ્પ સે સિદ્ધી કી ઔર કૃતાર્થ 2024' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના માનનીય કેબિનેટ શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત ભાજપના સહપ્રવક્તા જયરાજસિંહ પરમાર અને ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન એડવાઈઝરી કમિટીના સભ્યશ્રી ભાવેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે એક પેડ મા કે નામ અંતર્ગત યુનિવર્સિટી પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.
મા. શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશ પટેલે પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે, બાળક સામાજિક મૂલ્યોને ડીએનએમાં વણીને કાંઈક આપવાની ભાવનાથી કામ કરે ત્યારે ભારતને વિશ્વબિંદુ બનાવવાની કલ્પના સાકાર થઈ શકે છે.

આજના પરિપ્રેક્ષ્યમાં બાળ સાયકોલોજીને સમજી રિસર્ચ કરવા પર ભાર મુકતાં મા. શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણે નાના હતા ત્યારે ગિલી ડંડા, લખોટીઓ સહિતની રમતો રમતાં, આજે બે વર્ષનું નાનું બાળક મોબાઈલમાં સટસટ રમતું થઈ જાય છે. ખેડૂતનો દીકરો છું, એટલે ઘરમાં પહેલાં શીરો અને લાપસી મુકાતા. આજે બાળકો સીધા બહારથી પિત્ઝા, પાસ્તા જેવા ફાસ્ટફૂડ ઓર્ડર કરતાં થઈ ગયા છે. અમે સ્કૂલેથી આવી સીધું દફ્તર નાખી રમવા જતા રહેતા. પણ હવે બાળકનું પરિપ્રેક્ષ્ય બદલાઈ ગયું છે, જેને સમજવાની જરૂર છે. ગર્ભસંસ્કારથી લઈ બાળક બાળમંદિર જાય, ત્યાં સુધી બાળકની સાયકોલોજી સમજી રિસર્ચ કરી તેના જે પરિણામો આવે તે મા–બાપ, શિક્ષક અને સમાજ સુધી પહોંચાડવું જોઈએ. આવા વિચારો વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને જ આવી શકે, બીજાને આવી શકે નહીં.

મા. શિક્ષણમંત્રીશ્રીએ બાળકોને ગુજરાતી શિખવવાનું છોડતાં નહીં એવી વિશેષ ટકોર પણ કરી હતી. જે ભાષામાં તમે વિચાર, વ્યક્ત અને સમજી શકો તે જ ભાષા તમારા વ્યક્તિત્વનું નિર્માણ કરી શકે છે તેમ શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ સાથે સાથે જ શિક્ષણમંત્રીશ્રીએ બાળકોને ટેક્નોલોજી, ઈન્ટરનેટ રેડિયો સાથે જોડવાના વિષયના પ્રયાસની સરાહના કરી હતી.

ગુજરાત ભાજપના સહપ્રવક્તાશ્રી જયરાજસિંહ પરમારે શ્રેષ્ઠ રાષ્ટ્રનિર્માણ માટે શ્રેષ્ઠ બાળનિર્માણ અને તેમાં શિક્ષકોના અમૂલ્ય યોગદાન અંગે વાત કરી હતી. જ્યારે યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની કાર્યપદ્ધતિ સમજાવી સમગ્ર કાર્યક્રમના સફળ સંયોજન માટે કૃતાર્થની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

મા. શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશ પટેલ સહિત મહાનુભાવોએ યુનિવર્સિટીના 40થી પણ વધારે વાર્ષિક કાર્યોનું પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં લંગડી રમત, ચેસ સ્પર્ધા, અંડર 11 એથ્લેટિક્સ મીટ સહિત બાળકેન્દ્રી સ્પર્ધાઓ સામેલ છે. આ વર્ષ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ચેસ વર્ષ તરીકે ઉજવશે. જેમાં 5 લાખ રૂપિયાની ઈનામી સ્પર્ધા સ્ટુડન્ટ ચેસ મીટનું પણ આયોજન કરવામાં આવશે. તે ઉપરાંત 11 વર્ષથી નાના બાળકો માટે અંડર એથ્લેટિક્સ મીટ 11 સિઝન 3.0 પણ યોજવામાં આવશે. જ્યારે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે લંગડી રમત યોજાશે.

આમ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા આજ રોજ આંતરરાષ્ટ્રિય કક્ષાનો એક સેમિનાર, રાષ્ટ્રીય કક્ષાના સાત સેમિનાર, રાજ્ય કક્ષાના 1 સેમિનાર અને એક સિમ્પોસિયમનું વિમોચન કરાયું છે. આ સાથે 19 જેટલાં સર્ટિફિકેટ કોર્સ અને 16 જેટલાં ઓનલાઈન કોર્સનું વિમોચન કરવામાં આવ્યું. તદુપરાંત બે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન પુસ્તક વિમચન, તેમજ 42 જેટલાં અધ્યાપકોને રિસર્ચ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવશે. આ ઉપરાંત

કૃતાર્થ કાર્યક્રમ હેઠળ બાળવ્યક્તિત્વ વિકાસ વ્યાખ્યાન શ્રેણી, બાળસાહિત્ય સંશોધન અને સંવર્ધન કેન્દ્ર, ચિલ્ડ્રન્સ વોઈસ નામે ઈન્ટરનેટ રેડિયો, NCFFS અને NCFSE ના સંવેદનશીલતા પર કન્સલ્ટન્સી પેકેજ , મેગા ટોય ડોનેશન ડ્રાઈવ, ચેતના: સલાહ, પાલનપોષણ અને સ્નેહ દ્વારા સર્વગ્રાહી શિક્ષણ માટે કાઉન્સેલિંગ, ટોય સ્વેપ ડે, માનસિક સ્વાસ્થ્ય પર વેબિનાર, ગિજુભાઈ બધેકા સાથે શિક્ષણ યાત્રા, વાર્તા કથન શિબિર, શ્રી ગિજુભાઈ બધેકાની ૧૩૯મી જન્મજયંતી નિમિત્તે બાળ આનંદયાત્રા-૨ નું પણ વિમોચન આ સાથે કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડો. સંજય પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી.









# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે બાળકના વ્યક્તિત્વ વિકાસમાં બાળસાહિત્યની ભૂમિકા અંગે વ્યાખ્યાન યોજાયું.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના બાળસાહિત્ય, ફિલ્મ, મ્યુઝિયમ અને શારીરિક શિક્ષણ વિભાગ અંતર્ગત બાળવ્યક્તિત્વ વિકાસ વ્યાખ્યાન શ્રેણી શરૂ કરવામાં આવી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે યોજાયેલા કૃતાર્થ કાર્યક્રમમાં સૂચિત આ વ્યાખ્યાનશ્રેણી શરૂ થઈ છે. તેના પ્રથમ સોપાનમાં "બાળકના વ્યક્તિત્વ વિકાસમાં બાળસાહિત્યની ભૂમિકા" એ અંગે જાણીતા સાહિત્યકાર, વિવેચક અને અનુવાદક પ્રોફેસર ડૉ. રમણ સોનીએ વ્યાખ્યાન આપ્યું હતું.

પ્રો. રમણ સોનીએ પોતાના વ્યાખ્યાનમાં બાળકનું વ્યક્તિત્વ સર્વાંગ સંપૂર્ણ બનાવવા માટે તેના પ્રારંભિક તબક્કાથી જ સાહિત્યનું વાતાવરણ કેવું કામ કરે છે તેની ઉદાહરણ સાથે વાત કરી હતી. લગભગ બે કલાકના આ કાર્યક્રમમાં વ્યાખ્યાન બાદ શિક્ષકોની પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી.

માનનીય કુલપતિ શ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાના શિક્ષક પ્રતિનિધિ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વિદ્યાવાટિકામાં અભ્યાસ કરતા બાળકોનાં માતા–પિતા, શિશુ પરામર્શ વિભાગના બહેનો, તપોવન કેન્દ્રના બહેનો તથા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધ્યાપકો હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં નિહિત આ વિષયને 150થી પણ વધુ સહભાગીઓએ ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડો. સંજય પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી.







## 08 October 2024 રાજ્યકક્ષાનો પરિસંવાદ

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સાયુજ્યે "શાળા–શિક્ષણ અને શ્રીમદભગવદગીતા" વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો

ચિલ્ડ્રન્સ લિટરેચર, ફિલ્મ, મ્યુઝિયમ અને ફિઝીકલ એજ્યુકેશન વિભાગ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સાયુજ્યે "શાળા શિક્ષણ અને શ્રીમદભગવદગીતા" વિષય પર એકદિવસીય રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આ કાર્યક્રમમાં મા. મંત્રીશ્રી કુબેર ડિંડોર (પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, આદિજાતિ વિકાસ), મા. રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા (સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક, પૌઢ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા તેમજ ભારતીય ઈતિહાસ અનુસંધાન પરિષદ– દિલ્હી, શિક્ષા મંત્રાલય, દિલ્હીના નિર્દેશક (શોધ અને પ્રશાસન) શ્રી ડૉ. ઓમજી ઉપાધ્યાય અને ગીતાના અભ્યાસીશ્રી ડૉ. નીલેશ સૂચક, ડૉ. દિનેશ મજેઠિયા, ડૉ. અતુલ ઉનાગર ઉપસ્થિત રહ્યા હતા.

બાળકોમાં ગીતાના મૂલ્યોનું સિંચન કરવું એ શિક્ષકોનું કર્મ છે તેમ જણાવતાં મા. મંત્રીશ્રી કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાને કારણે દેશને ગુલામ બનાવવું અશક્ય હતું. જેથી દેશને ગુલામ બનાવવા મેકોલેએ ભારતીય જ્ઞાન પરંપરાને ધડમૂળથી તોડવાનું કામ કરી શિક્ષા નીતિ અમલી બનાવવી હતી. ગુરુકુળ પરંપરામાં બાળક જ્યારે અભ્યાસ પૂર્ણ કરે ત્યારે તે આત્મનિર્ભર બનતો હતો. ગુરુકુળ પરંપરા ફરીથી સ્થાપિત થાય તેના પ્રયત્નો આપણે કરવાના છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, સાચો ભારતીય ઈતિહાસ બાળકોને શીખવાડવાનો છે. મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મારફતે આપણને સંદેશ આપ્યો છે કે, નવા સમાજનું નિર્માણ શિક્ષકોએ કરવાનું છે.

મા. રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, શાળાઓમાં ગીતા શિક્ષણ દ્વારા બાળકને પ્રથમ પાઠથી જ સમજાવવામાં આવે છે કે, મારાપણાની ભાવનાથી જ યુદ્ધ થાય છે. નાનપણથી જ બાળકોમાં સદભાવનાઓ વાવેલી હોય તો તે બાળકને મહાનતા તરફ લઈ જશે. બાળકને શીખવાડવું પડશે કે માનમાંથી ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધમાં ઉત્પન્ન થાય છે, અને ક્રોધ ક્રાઈમ તરફ દોરી જાય છે. આવનારા સમયમાં વિશ્વમાં સૌથી બે મોટી ચેલેન્જ છે, એક છે ડિપ્રેશન અને બીજું છે વ્યસન. જેનું એક જ નિરાકરણ છે કે, બાળકને ગીતાના મૂલ્યો થકી સારા કર્મો કરવાનું નાનપણથી શીખવાડવું પડે. ગમે તેવી પરિસ્થિતિઓનું સામનો કરવાનું ગીતા સૂચવે છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, શિક્ષક જ્યાં નીકળે ત્યાં ઓજસ પાથરતો જાય છે. શિક્ષકની દ્રષ્ટિમાં સમભાવ, ગીતાની પૂર્ણ વિચારધારા, કર્મની વૃતિ હોય ત્યારે શિક્ષક શ્રેષ્ઠ નિર્માણ કરે છે. જ્ઞાતિવાદી પરિબળો દેશને તોડવાનું કામ કરી રહ્યા છે, ત્યારે બાળકોમાં નાનપણથી સમરસતા, સદભાવાનાના બીજ રોપવા પડશે. શ્રીમદ્ધ ભગવદ્ધગીતા આપણા જીવન માટે એક પર્થપ્રદર્શક ગ્રંથ છે, જે જીવનના તમામ ક્ષેત્રોમાં સમજણ અને દષ્ટિકોણ પ્રદાન કરે છે તેમ પણ મા. રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ જણાવ્યા હતું કે, આ પરિસંવાદ બાળકોના સર્વાંગી વિકાસ માટે છે. સાથે તેઓએ યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પો વિશે જાણકારી આપી હતી. જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રી

ડૉ. જયેન્દ્રસિંહ જાદવે જણાવ્યું હતું કે, મનુષ્યના તમામ પ્રશ્નોનું નિરાકરણ ગીતામાં છે. તેના માટે ગીતા તમારામાંથી પસાર થવી ખુબ જ જરૂરી છે. જ્યારે સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાએ શ્રીમદભગવદગીતા ગુણોનું પરિશીલન બાબતે બીજ વક્તવ્ય પૂરું પાડ્યું હતું. જ્યારે સત્રમાં ભારતીય ઈતિહાસ અનુસંધાન પરિષદ– દિલ્હી, શિક્ષા મંત્રાલય, દિલ્હીના નિર્દેશક (શોધ અને પ્રશાસન) શ્રી ડૉ. ઓમજી ઉપાધ્યાયે ભારતીય ઈતિહાસના મહાપુરુષોએ કેવી રીતે ગીતા અધ્યયનથી મહાનતા પ્રાપ્ત કરી તેના વિશે પ્રકાશ પાડ્યો હતો. જ્યારે ગીતાના અભ્યાસીશ્રી ડૉ. નીલેશ સૂચક, ડૉ. દિનેશ મજેઠિયા, ડૉ. અતુલ ઉનાગરે શ્રીમદ ભગવદગીતાને શાળા–શિક્ષણમાં પ્રસ્થાપિત કરવા માટેની પ્રવૃતિઓ વિશે શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના 350થી પણ વધારે શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સૌએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમની આભારવિધિ કુલસચિવશ્રી ડૉ. જિગ્નેશ પટેલે કરી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન ચિલ્ડ્રન્સ લિટરેચર, ફિલ્મ, મ્યુઝિયમ અને ફિજીકલ એજ્યુકેશન વિભાગના અધ્યક્ષ પ્રશાંત ટીમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. રાજેશ ચૌહાણ તેમજ સંચાલક તરીકે ડૉ. સંજય પટેલ, ડૉ. ભૈરવી દીક્ષિત, ડૉ. જય ઓઝા અને ડૉ. કુણાલ પંચાલે ભૂમિકા ભજવી હતી.







**તા. ૨૩/૧૨/૨૦૨૪, સોમવારના રોજ સવારે ૦૯.૦૦ થી ૦૫.૦૦**

**કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી તેમજ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય બાળસાહિત્ય : ઈતિહાસ અને ભાષા' વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી**

**મેઘાણી ભવન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર**

ગુજરાત સાહિત્ય અકાદમી અને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા "ભારતીય બાળસાહિત્ય : ઈતિહાસ અને ભાષા" વિષય પર રાષ્ટ્રીય સંગોષ્ઠી!
🗓️તારીખ: 23 ડિસેમ્બર 2024, સોમવાર
🕘સમય: સવારે 09:00 થી સાંજે 05:00
📍સ્થળ: ઝવેરચંદ મેઘાણી ભવન, સેક્ટર–10A , ગાંધીનગર
➡️ગુજરાતી, મરાઠી, કોંકણી, સિંધી અને સંસ્કૃત બાળસાહિત્ય પર નિષ્ણાત વક્તાઓ દ્વારા પ્રેરણાદાયક વક્તવ્ય
➡️વિશેષ ઉપસ્થિતિ:
ડૉ. શ્રદ્ધા ત્રિવેદી (ગુજરાતી બાળસાહિત્ય વિવેચક અને સંશોધક) – બીજ વક્તવ્ય
પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને ડૉ. હસિત મહેતા – સાહિત્યસત્ર
શ્રી યશવંત મહેતા – ગુજરાતી ભાષા બાળસાહિત્ય સમીક્ષા
સુશ્રી કિરણ બુડકુલે – કોંકણી ભાષા બાળસાહિત્ય સમીક્ષા
શ્રી શ્રીકાંત પાટિલ – મરાઠી ભાષા બાળસાહિત્ય સમીક્ષા
શ્રી હુંદરજ બલવાણી – સિંધી ભાષા બાળસાહિત્ય સમીક્ષા
શ્રી હર્ષદેવ માધવ – સંસ્કૃત ભાષા બાળસાહિત્ય સમીક્ષા
શ્રી એકનાથ આવ્હાડે – સંકલિત વક્તવ્ય
ઉદઘાટન સત્ર:
ડૉ. ભાગ્યેશ જહા (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી)
ડૉ. જયેન્દ્રસિંહ જાદવ (મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી)

**રાષ્ટ્રીય સંગોષ્ઠીનું ઉદ્‌ઘાટન સત્ર..**
મેઘાણી ભવન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર....
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર, કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત એક દિવસીય સંગોષ્ઠીના ઉદ્‌ઘાટન સત્રમાં યુનિવર્સિટીના મા. કુલપતિ શ્રી સંજય ગુપ્તા, સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ મા. ભાગ્યેશભાઈ જહા, મહામાત્રશ્રી ડો. જયેન્દ્રસિંહ જાદવ, ગુજરાતી બાળસાહિત્યના સર્જક–વિવેચક ડો. શ્રદ્ધાબહેન ત્રિવેદી, દિલ્હી સાહિત્ય અકાદમીના મુંબઈ સ્થિત ઓફિસર ઈન ચાર્જ ડો. ઓમ નાગરજી અને યુનિવર્સિટીના શિક્ષણ કેન્દ્રના નિયામક પ્રો. પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.
ઉદ્‌ઘાટન સત્રમાં મંચસ્થ મહાનુભાવોના હસ્તે "એકવીસમી સદીનું ગુજરાતી બાળસાહિત્ય" તેમજ મરાઠી લેખક એકનાથ આવ્હાડજીના બાળસાહિત્ય વિષયક પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું.

**રાષ્ટ્રીય સંગોષ્ઠીનું પ્રથમ સત્ર..**

જેમાં ગુજરાતી બાળસાહિત્ય વિષે શ્રી યશવંત મહેતા, મરાઠી બાળસાહિત્ય વિષે શ્રીકાન્ત પાટીલ અને કોંકણી બાળસાહિત્ય વિષે રસપ્રદ વક્તવ્યો રજૂ થયા હતા. સમગ્ર બેઠકનું સંચાલન ડો. સંજય પટેલે કર્યું હતું.

"ભારતીય બાળસાહિત્ય : ઇતિહાસ અને ભાષા" વિષય પર રાષ્ટ્રીય સંગોષ્ઠીનું બીજું અને સમાપન સત્ર..
જેમાં સિંધી બાળસાહિત્ય વિષે હુંદરાજ બલવાણી, સંસ્કૃત બાળસાહિત્ય વિષે હર્ષદેવ માધવ અને સમગ્ર સેમિનારનું સમાપનીય ભાષણ એકનાથ આવ્હાડ એ રસપ્રદ રીતે આપ્યું હતું. સમગ્ર બેઠકનું સંચાલન ડો. ભૈરવીબહેન દીક્ષિતે કર્યું હતું.














राष्ट्रीय संगोष्ठी
सोमवार, 23 दिसंबर 2024


राष्ट्रीय संगोष्ठी


राष्ट्रीय संगोष्ठी


राष्ट्रीय संगोष्ठी
भारतीय बाल साहित्य : इतिहास और


संस्कृति मंत्रालय
भारत सरकार
राष्ट्रीय संगोष्ठी
भारतीय बाल साहित्य : इतिहास और भाषा
ભારતીય બાળ સાહિત્ય : ઇતિહાસ અને ભાષા
राष्ट्रीय संगोष्ठी
भारतीय बाल साहित्य :
इतिहास और भाषा
सोमवार, 23 दिसंबर 2024




संस्कृति मंत्रालय
भारत सरकार
राष्ट्रीय संगोष्ठी


राष्ट्रीय संगोष्ठी
भारतीय बाल साहित्य : इतिहास और भाषा
ભારતીય બાળ સાહિત્ય : ઇતિહાસ અને ભાષા

## 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ 2024' - December- 2024

### 30 ડિસેમ્બરથી 2 ડિસેમ્બર

- **અમદાવાદ સાયન્સ સિટી ખાતે 30 ડિસેમ્બરથી 2 ડિસેમ્બર સુધી આયોજિત રાજ્યકક્ષાનો 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ 2024' સફળતાપૂર્વક સંપન્ન થયો**

અમદાવાદ સાયન્સ સિટી ખાતે 30 ડિસેમ્બરથી 2 ડિસેમ્બર સુધી આયોજિત રાજ્યકક્ષાનો 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ 2024' સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ત્રણ દિવસ દરમિયાન સમગ્ર ગુજરાતમાંથી 1300થી વધુ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. 600 વિજેતાઓને 5 લાખ રૂપિયાની ઈનામી રાશિથી સન્માનિત કરાયા હતા અને તમામ 1300થી વધારે સ્પર્ધકોને નિઃશુલ્ક આંતરરાષ્ટ્રીય ચેસ સેટ ભેટમાં આપવામાં આવ્યો હતો. આ સમગ્ર સ્પર્ધાનું આયોજિત ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સાયન્સ સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

ચેસ ફેસ્ટિવલના ત્રીજા દિવસે 18થી 17 વર્ષની વયજૂથ ધરાવતાં 200થી વધુ યુવાઓએ ભાગ લીધો હતો. ઉદઘાટન સત્રમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તા, સાબરમતી વિધાનસભાના ધારાસભ્યશ્રી ડૉ. હર્ષદ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મા. ધારાસભ્યશ્રી ડૉ. હર્ષદ પટેલે યુવાઓ માટે ચેસ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી અને યુવા વિદ્યાર્થીઓને પોતાની ગરિમામય ઉપસ્થિતિથી પ્રોત્સાહિત કર્યા હતા.

ત્રીજા દિવસના ઈનામ વિતરણ સમારોહમાં ગુજરાત રાજ્યના ભારતીય જનતા યુવા મોર્ચાના પ્રમુખશ્રી પ્રશાંત કોરાટ, ડૉ. નરેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તા, ગુજરાત સ્ટેટ એસોસિયેશનના પ્રમુખ ભાવેશ પટેલ, જાણીતા મહિલા ચેસ ખેલાડી અર્પી શાહ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રીજા દિવસની રમતમાં બ્લોક એમા ગાંધીનગરના રૂદ્ર પાઠક, બ્લોક બીમાં પ્રાંતિજના નીવ પટેલ, બ્લોક સીમાં શેખ સોહિલ અને બ્લોક ડીમાં લાખણોત્રા ખુશાલીએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ આ પ્રસંગે જણાવ્યું કે, શહેરો પૂરતી સીમિત રહેતી ચેસની સ્પર્ધા આજે ગુજરાતના ખૂણે-ખૂણે સુધી પહોંચી છે. સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલમાં ગુજરાતના અનેક નાનાં ગામડાંઓમાંથી બાળકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ચેસ ફેસ્ટિવલ દરમિયાન યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા જે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે, તે ડેટાના આધારે ચેસની સ્પર્ધાને રાજ્યના દરેક ગામમાં પહોંચાડવાની કવાયત હાથ ધરાશે.

સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલના મુખ્ય સંયોજક અને યુનિવર્સિટીના અધ્યાપકશ્રી મહેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલમાં 11 વર્ષની નાની વયજૂથ, 12થી 17 વર્ષની વયજૂથ અને 18થી 25 વર્ષની વયજૂથ એમ ત્રણ કેટેગરીમાં સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધા કુલ ચાર બ્લોકમાં અને સાત રાઉન્ડમાં રમવામાં આવી હતી. ચેસ ફેસ્ટિવલ દરમિયાન દરરોજ ચાર બ્લોકમાંથી કુલ 50 વિજેતા નક્કી કરવામાં આવતા હતા. આમ ત્રણ દિવસની સ્પર્ધામાં કુલ 600 વિજેતાઓને 5 લાખ રૂપિયાની કેશ પ્રાઈઝ આપવામાં આવી છે. એટલું જ નહીં, આ તમામ 600 વિજેતાઓને ગુજરાત ચેસ એસોસિયેશનના નિષ્ણાંત કોચ પાસેથી નિઃશુલ્ક તાલીમ પ્રાપ્ત થશે. તદુપરાંત ચેસ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ 1300થી વધારે બાળકોને નિઃશુલ્ક આંતરરાષ્ટ્રીય ચેસ સેટ ભેટમાં આપવામાં આવ્યો છે.

સમગ્ર સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલનું સફળ આયોજન યુનિવર્સિટીના ચિલ્ડ્રન્સ લિટરેચર, ફિલ્મ, મ્યુઝિયમ એન્ડ ફિઝિકલ એજ્યુકેશન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ મા. કુલપતિશ્રીએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ વિભાગીય અધ્યક્ષ પ્રો. પ્રશાંત પટેલે કરી હતી.









At Student Chess Festival 2024 organised by our Children's Research University Science City, Ahmedabad, Gujrat-India









Children's Research University, Gandhinagar
Organized by
STUDENT'S CHESS FESTIVAL 2024
in collaboration with
Date : 30th Nov. to 02nd Dec., 2024
Tournament Place : Vigyan (Hall) Science City, Sola, Ahmedabad.

## <u>તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ અને ૨ ફેબ્રુઆરી ૨૦૨૫</u>

## <u>સંસ્કૃત વ્યાકરણનો વિશેષવર્ગ</u>

ચિલ્ડ્રન્સ લિટરેચર, ફિલ્મ, મ્યુઝિક એન્ડ ફિઝિકલ એજ્યુકેશન વિભાગ અંતર્ગત તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ અને ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત વિષયના બોર્ડ એક્ઝામને લગતા "વિશેષ વ્યાકરણ સજ્જતા વર્ગ"નું આયોજન કરવામાં આવ્યું હતું. વિશેષ વર્ગમાં પ્રતિદિન ૦૩:૦૦ કલાક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. ૧ અને ૨ ફેબ્રુઆરી દરમિયાન આયોજિત થયેલ આ વર્ગમાં કુલ ૧૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. ૨ ફેબ્રુઆરી "વસંતપંચમી"ના દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતીનું પૂજન કરવામાં આવ્યું. શનિવાર અને રવિવાર દરમિયાન ચાલેલાં આ વર્ગમાં ચયનિત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો પરંતુ તેમણે અને તેમના માતા–પિતાએ આ વર્ગના આયોજન અને વર્ગમાં ભણાવવામાં આવેલ વિષયો પરત્વે સંતોષ અને આનંદ પ્રગટ કર્યો હતો. ડો. જય ઓઝાએ આ વર્ગનું સંચાલન, સંયોજન અને પાઠનકાર્ય કર્યું હતું. વર્ગની સમાપ્તિ સાથે વિદ્યાર્થીઓને સમોસાનો નાસ્તો કરાવવામાં આવ્યો. વર્ગની ચિત્રાત્મક ઝલક આ સાથે સામેલ છે.






# Under-11 Athletics Meet Season- 3.0

# Organized by Children's Research University, Gandhinagar In Collaboration with

# Sports Authority of Gujarat, Krida- Bharti Gujarat Prant, Bank of India & Gujarat State Athletics Association

## Under-11 Athletics Meet Season 3.0, held from 8th to 10th February 2025 at Manjalpur Sports Complex, Vadodara.

**Day I**

**[8th February, 2025 (Saturday)]**

First day of the Under-11 Athletics Meet was organized at Manjalpur Sports Complex, Vadodara. The event began with registration process for the events of the day.

The grand inauguration ceremony was graced by the esteemed presence of the Honorable Vice Chancellor of Children's Research University, **Prof. Sanjay Gupta**, along with **Dr. Vijaybhai Shah**, the distinguished President of Vadodara City BJP, and a host of other eminent dignitaries. Their presence lent an air of prestige and inspiration to the event.

The first day unfolded with great excitement as **11 diverse competitions** were meticulously organized for young girls under the age of 11. A remarkable **521 spirited participants** from across the state enthusiastically showcased their talents, filling the atmosphere with boundless energy and determination.

Adding to the fervor, a multitude of parents and devoted schoolteachers gathered in large numbers, their encouraging cheers and unwavering support serving as a beacon of motivation for the young competitors. Their presence not only heightened the enthusiasm of the participants but also underscored the significance of nurturing young talent and fostering a spirit of excellence.

The much-anticipated Girls' Athletics Meet Season 3.0 commenced with electrifying enthusiasm as 11 diverse competitions unfolded on the first day. The sporting events included 400 meters, 200 meters, 100 meters, and 60 meters sprints, alongside long jump, high jump, javelin throw, tennis ball throw, medicine ball throw, standing broad jump, and 60-meter hurdles. Each event witnessed spirited performances, with young athletes displaying unwavering determination and resilience.

The competition saw stellar performances from participants across Gujarat:

**Patel Heer** from **Navsari district** triumphed in the **400-meter race**,

**Mania Dhruv** from **Rajkot** sprinted to victory in the **200-meter race**,

**Bhagora Shweta** from **Sabarkantha** claimed gold in the **100-meter race**,

**Patel Aashka** from **Vadodara** outpaced her rivals in the **60-meter sprint**,

**Jadeja Mahimaba** from **Kutch** dominated the **60-meter hurdles**,

**Ayushi Muliya** from **Surendranagar** soared to success in the **high jump**,

**Thakor Riddhi** from **Anand** showcased her prowess in the **javelin throw**,

**Thakor Dhruv** from **Mehsana** leaped to victory in the **long jump**,

**Patel Naviya** from **Kutch** excelled in the **medicine ball throw**,

**Parmar Nisha** from **Sabarkantha** clinched the title in the **standing broad jump**,

**Bhumika Parmar** from **Ahmedabad** displayed exceptional skill in the **tennis ball throw**.

The prize distribution ceremony was an esteemed affair, graced by notable dignitaries, including Shri Rohanbhai Bhanage, CEO of Manjalpur Sports Complex, Ms. Roshniben Shah, a dedicated trainer in women and child development for the past 17 years, Dr. Arpitaben Patel, Program Manager of the Nutrition Initiative Project by NLRDF, and Shri Amitbhai Limbachia, Director of Dhyan H.R. Solution Pvt. Ltd.

In a grand celebration of talent and perseverance, a total of 110 exceptional athletes across the 11 events were honored with medals, certificates, and cash prizes worth ₹11 lakhs. The accolades were presented by the Honorable Chancellor of the university, Prof. Sanjay Gupta, alongside the distinguished guests, marking a moment of immense pride and inspiration for the young champions.

## Day II

**[9th February, 2025 (Sunday)]**

The second day of the competition witnessed an inspiring inauguration of the Under-9 Brothers and Sisters Athletics Meet, graced by the esteemed presence of **Shri Balkrishna Shukla, MLA from Raopura Assembly, Vadodara**, and the Honorable Vice Chancellor of the University, Prof. Sanjay Gupta. Their presence added grandeur to the occasion, igniting the spirits of the young athletes. A total of 668 enthusiastic children from across the state participated in 11 thrilling competitions, displaying remarkable energy and sportsmanship.

### Winners in the Under-9 Boys' Category:

**Shivansh Raj** from **Bharuch** claimed victory in the **400-meter race**.
**Patel Vaidik** from **Aravalli** dominated the **200-meter race**.

**Chaudhary Malhar** from **Gandhinagar** sprinted to success in the **100-meter race**. **Jainil Sodha** from **Navsari** emerged victorious in the **60-meter race**.

**Makwana Tushar** from **Bhavnagar** showcased agility in the **60-meter hurdles**.
**Chaudhary Henil** from **Tapi** excelled in the **high jump**.

**Vasava Jignesh** from **Narmada** displayed strength in the **javelin throw**.
**Bariya Dalpat** from **Dahod** secured the top spot in the **long jump**.

**Yuva Mayur** from **Vadodara** shone in the **medicine ball throw**. **Patel Jaideep** from **Dahod** outperformed in the **standing broad jump**.

**Bhavyarajsinh Saravaiya** from **Kutch** displayed skill in the **tennis ball throw**.

### Winners in the Under-9 Girls' Category:

**Vasava Krisha** from **Bharuch** sprinted to glory in the **400-meter race**. **Parikh Kalgi** from **Ahmedabad** triumphed in the **200-meter race**.

**Vasani Nehal** from **Rajkot** conquered the **100-meter race**. **Chaudhary Swara** from **Valsad** dominated the **60-meter race**.

**Arvi Rajput** from **Navsari** displayed finesse in the **60-meter hurdles**.
**Lalluwadia Kriva** from **Bhavnagar** soared to success in the **high jump**.

**Kia Rohit** from **Chhota Udepur** proved her mettle in the **javelin throw**.

**Kantaria Vaishali** from **Bhavnagar** leaped to victory in the **long jump**. **Diya Luni** from **Patan** exhibited precision in the **medicine ball throw**. **Patel Varsha** from **Dahod** excelled in the **standing broad jump**.

**Aarti Parmar** from **Sabarkantha** showcased her strength in the **tennis ball throw**.

The exhilarating day concluded with a grand prize distribution ceremony, where 110 young champions were honored with medals, certificates, and cash prizes. The awards were conferred by the Honorable Vice Chancellor, Prof. Sanjay Gupta, alongside distinguished guests, who extended their heartfelt blessings, encouraging the young athletes to scale even greater heights in the field of sports.

## Day III

**[10th February, 2025 (Monday)]**

On the final day of the Under-11 competition, held on Monday, February 10, **Shri Chaitanyabhai Desai, MLA of Akota Legislative Assembly**, **Vadodara** attended the inaugural session. The Vice Chancellor of the University, along with Shri Chaitanyabhai Desai, formally inaugurated the event by lighting the lamp. A total of 736 students participated on the last day, joining the boys and girls from across every district of Gujarat who had enthusiastically engaged in this three-day event. In total, 1925 young athletes took part in the competition over the span of three days.

The prize distribution ceremony was graced by Shri Hanumant Thakur, Zonal Manager of Bank of India, Baroda Zone, and Shri Manish Kumar Fuller, Zonal Manager of Gandhinagar Zone. Also present were Shri Yograj Bhargava, Marketing Head of Gandhinagar Zone, and Shri Jatin Chandrabhanu, Marketing Head of Bank of India.

Prof. (Dr.) M. N. Parmar – Dean, Faculty of Social Work – Parul University, Vadodara, International volleyball player Ms. Kena Dholakia and Mr. Vijaybhai from Krida Bharati were also present to motivate and encourage the children.

The competition saw stellar performances from participants across Gujarat:

Gohil Prashant triumphed in the 400-meter race,
Panwala Rudran sprinted to victory in the 200-meter race,
Chaudhari Vivaan claimed gold in the 100-meter race,
Harvijaysinh outpaced her rivals in the 60-meter sprint,
Yashvardhansinh dominated the 60-meter hurdles,
Gaurav Bakulji soared to success in the high jump,
Thakor Viren showcased her prowess in the javelin throw,
Rathava Manish leaped to victory in the long jump,
Aman Raj excelled in the medicine ball throw,
Hiyansh Sanariya clinched the title in the standing broad jump,
Dhruv Rameshbhai displayed exceptional skill in the tennis ball throw.

# Photo Gallery











Children's
RESEARCH UNIVERSITY


Children's
RESEARCH UNIVERSITY


Children's
RESEARCH UNIVERSITY


Children's
RESEARCH UNIVERSITY

## દિનાંક : ૨૧/૦૨/૨૦૨૫

## કવિસંમેલન(બાળકવિતા)








વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તથા ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત માતૃભાષા મહોત્સવ 2025, મળી માતૃભાષા મને ગુજરાતી હેઠળ કવિસંમેલન(બાળકવિતા)નું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગરના મા. ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ તેમજ પ્રખ્યાત બાળકવિઓશ્રી રમણલાલ સોની, બાબુ નાયક અને ગિરાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ 150 જેટલા શ્રોતાગણની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમગ્ર કાર્યક્રમના સંયોજક અને સંચાલક તરીકે અધ્યાપકશ્રી ડૉ. સંજય પટેલે ભૂમિકા ભજવી હતી. કવિ સંમેલનમાં વિભાગના અધ્યક્ષ પ્રોફે. પ્રશાંત પટેલ, સમગ્ર સ્ટાફગણ, વરિષ્ઠ સાહિત્યકારો અને શહેરના અગ્રગણ્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.












કવિસંમેલન (બાળકવિત
ફેબ્રુઆરી ૨૧, ૨૦૨૫





## દિનાંક : ૨૫/૦૨/૨૦૨૫

## અંડર-૧૪ 'લંગડી' રમતની સ્પર્ધા

### સહયોગી સંસ્થાઓ

ગાંધીનગર મહાનગર પાલિકા
ગાંધીનગર

વેસ્ટર્ન એગ્રો સીડ્સ,

આપણી ભાતીગળ રમતોમાંની એક રમત એટલે "લંગડી".

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી છેલ્લાં કેટલાય સમયથી બાળકોના સર્વાંગીણ વિકાસ માટે અને ખાસ કરીને તેમના શારીરિક વિકાસ માટે કટિબદ્ધ બની છે ત્યારે કોઈપણ સાધન વગર રમાતી રમત એટલે લંગડી. માત્ર બે વ્યક્તિ પણ રમી શકે તેવી મેદાનની રમત એટલે લંગડી.

ગાંધીનગર મહાનગરની શાળાઓમાં ભણતા ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે લંગડી રમતની સ્પર્ધા કરવાનો વિચાર છેલ્લા ઘણા સમયથી આવતો હતો.

આ સ્પર્ધા માટે ગાંધીનગર મહાનગરપાલિકાની શાળાઓનો સંપર્ક કરવામાં અને ત્યારબાદ કુલ ૬૬ શાળામાંથી ૩૧ શાળાઓ એ ભાગ લીધો તે પ્રોત્સાહક બાબત છે. કોર્પોરેટર શ્રી કિંજલભાઈ પટેલના સહયોગથી રોલર અને વોટર ટેન્ક તથા ટ્રેક્ટરની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી બાળકો માટે સુંદર અને સ્વચ્છ મેદાન બની શક્યું તે માટે તેમનો

આભાર. આ ઉપરાંત પૂર્વ જોઈન્ટ સેક્રેટરી, શાસનાધિકારી અધિકારીઓનું પણ પ્રોત્સાહન મળ્યું તેનો આનંદ છે. બાળકોને નિ:શુલ્ક ભોજન કરાવવા માટે વેસ્ટન એગ્રો સીડ્સ શ્રી એન.પી.પટેલના સહયોગને તો કેમ ભુલાય...!!

ડો. મહેન્દ્ર પટેલ - આસિસ્ટન્ટ પ્રોફેસર(શારીરિક શિક્ષણ)

અંડર-૧૪ લંગડી સ્પર્ધામાં ગાંધીનગર મહાનગરપાલિકાની કુલ ૩૧ શાળાઓમાંથી કુલ ૩૫૨ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ૨૦ શાળામાંથી ૨૩૫ કુમાર અને ૧૧ શાળામાંથી ૧૧૭ કુમારીકાઓએ ભાગ લીધો હતો. અને તેમને માર્ગદર્શિત કરવા કુલ ૪૪ શિક્ષકો પણ સાથે આવ્યા હતા.

## BOYS TEAM LIST

| No. | School Name | No. of Register Students |
|---|---|---|
| 1 | Khoraj Govt. Primary School | 12 |
| 2 | Indroda-2 Govt. Primary School | 12 |
| 3 | Sector-24.2 Govt. Primary School | 11 |
| 4 | Sector-29.1 Govt. Primary School | 12 |
| 5 | Sector-28.1 Govt. Primary School | 12 |
| 6 | Sector-24.1 Govt. Primary School | 12 |
| 7 | Sector-8 Govt. Primary School | 12 |

| | | |
|---|---|---|
| 8 | GEB, Govt. Primary School | 12 |
| 9 | Navapara Borij Govt. Primary School | 12 |
| 10 | Gokulpura Sector -14 Govt. Primary School | 12 |
| 11 | Nava Koba Govt. Pay Centre Primary School | 12 |
| 12 | Ambapur Primary School | 12 |
| 13 | P. M. Shri Borij Govt. Primary School | 12 |
| 14 | Sector--16 Govt. Primary School | 09 |
| 15 | Bhat Govt. Primary School | 11 |
| 16 | Sector-3 Govt. Primary School | 12 |
| 17 | Sector-2 Govt. Primary School | 12 |
| 18 | Fatehpura Varigruh Prathmik Shala | 12 |
| 19 | Sector-28/2 Primary School | 12 |
| 20 | Randheja Kumar Prathmik Shala | 12 |
| | Total | 235 |

## GIRLS TEAM LIST

| No. | School Name | No. of Register Students |
|---|---|---|
| 1 | Sargasan Pri. School | 11 |
| 2 | Zundal Pri. School | 12 |
| 3 | Pethapur Kumarshala | 12 |
| 4 | Sarakari Prathmik Shala Sector-15 | 12 |
| 5 | Sarakari Prathmik Shala, Sector-13.2 | 12 |
| 6 | Nabhoi Pri School | 11 |
| 7 | Sarakari Prathmik Shala, Adivada | 12 |
| 8 | Sarakari Pagar Kendra Shala Sector-7 | 12 |
| 10 | Sarakari Prathmik Shala, Dholakuva | 12 |
| 11 | Sarakari Prathamik Shala Sector-20.1 | 11 |

સાદરાની કોલેજમાંથી કુલ ૧૦ ઓફિસિયલ્સે સમગ્ર સ્પર્ધામાં સહાયક રેફ્રીની ભૂમિકા અદા કરી હતી. સંપૂર્ણ વ્યવસ્થા માટે યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ સતત ખડે પગે ઊભો રહ્યો હતો.

# Photo Gallery










ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર
આયોજિત
અંડર-14 'લંગડી' રમતની સ્પર્ધા


ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર
આયોજિત

**20th March 2025, Thursday**

**One Day International Conference**

| | |
|---|---|
| **Name of the Centre/Department/Branch/others** | **Department of Children's Literature, Film, Museum and Physical Education** |
| **Name of the Head of the Centre/Department/Branch/others** | **Prof. Prashant Patel** |
| **Name of the Activity/Event/Programme** | **One Day International Conference** |
| **Coordinator of the Activity. If any** | **Dr. Bhairavi M. Dixit** |
| **Date/s and Day/s of the Activity/Event/Celebration** | **20th March 2025, Thursday** |
| **Duration of the Activity/Event/Programme** | **One Full Day (08:30 AM to 05:30 PM)** |
| **Venue of the Activity/Event/Programme** | **Narmada Conference Hall, Swarnim Sankul-1 and RAVI Bhavan, Children's Research University, Gandhinagar** |
| **Beneficiaries** ***(Teachers/Students/parents/ others…)*** | **Academicians, Research Scholars, Students, and Educational Administrators** |
| **Total Beneficiaries/participants** ***(where applicable or appx.)*** | **Approx. 228 participants (offline and online combined)** |

The Department of Children's Literature, Film, Museum, and Physical Education at Children's Research University, Gandhinagar, in collaboration with the Indian Council of Social Science Research (ICSSR), organized a One Day International Conference on 20th March 2025. The theme, *"Connecting Cultures: Children's Literature as a Global Gateway,"* focused on intercultural understanding through children's literature.

The event was inaugurated by dignitaries including Shri Prafulbhai Pansheriya, Hon. Education Minister, Gujarat; Mrs. Swaroop Sampat Rawal (Renowned Educator and Global Teacher Prize Finalist); Prof. R.C. Patel, Hon. Vice Chancellor, Indian Institute of Teacher Education, Gandhinagar; and Dr. T.S. Joshi, Hon. Vice Chancellor, Children's Research University. Dr. Bhairavi M. Dixit coordinated and anchored the inaugural function, where the book *"Life Skill Education Through*

*Drama"* authored by Mrs. Rawal was also released.

The plenary session was anchored by Dr. Parthvi Damor and featured distinguished speakers: Prof. Karen Coats (University of Cambridge, UK), Dr. Parin Somani (UK), Shri Eknath Avhad (India), Dr. Filip Ruciński (Poland), and Dr. Kusumakar Neupane (Nepal), who presented diverse global perspectives on children's literature.

Post-lunch, parallel academic sessions were held at RAVI Bhavan, CRU. The valedictory session was anchored by Dr. Narendra Vasava and graced by Dr. Ramashankar Dubey, Hon. Vice Chancellor, Central University of Gujarat and Dr. T.S. Joshi, Hon. Vice Chancellor, Children's Research University.

There were a total of 228 registrations, including 144 offline and 84 online participants. The event concluded with reflections, feedback, and a group photograph, igniting a spark for future academic collaborations.




One Day